ક્રમાંક : સીડીએમ-૨૦૦૫-૨૮૨૨ (૩૭૨)-કર
નર્મદા, જળસંપત્તિ , પા.પૂ અને કલ્પસર વિભાગ
બ્લોક નં.૯, સચિવાલય, ગાંધીનગર
તા: ૦૮.૦૬.૨૦૦૫

પ્રતિ
સર્વે અધિક્ષક ઇજનેરશ્રી /નોડલ અધિકારીશ્રી

વિષય : સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (તબક્કા -૪) હેઠળ વન અને પર્યાવરણ દ્વારા હાથ ધરાનાર ચેકડેમોના અમલીકરણના આયોજન બાબત

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (તબક્કા -૪) હેઠળના ચેકડેમોની કામગીરીના અમલ સારૂ તા ૧-૪-૨૦૦૫ ના રોજ બહાર પાડવામાં આવેલ ઠરાવ માં પેરા -અન્ય જોગવાઇમાં સબપેરા(૬) માં નિર્દિષ્ટ કર્યા મુજબ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વન્ય વિસ્તારોમાં ચેકડેમો બાંધવા માટેની દરખાસ્ત જળસંપત્તિ વિભાગના સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીને મોકલવાની થાય છે. આવા ચેકડેમો માટે વિભાગે સરકારશ્રી કક્ષાએથી વહીવટી અને તાંત્રિક મંજુરી આપવાની થાય અને જળસંપત્તિ વિભાગના સુપરવીઝન હેઠળ ચેકડેમો બનાવવાની કામગીરી વન અને પર્યાવરણ વિભાગ દ્વારા હાથ ધરવાની થાય છે. આ કામગીરી માટે જળસંપત્તિ વિભાગ ચેકડેમની થયેલ કિંમતના ૮૦ ટકા રકમ વન અને પર્યાવરણ વિભાગને ચુકવવામાં આવશે તેવી જોગવાઇ ઠરાવમાં કરવામાં આવેલ છે.

વહીવટી સરળીકરણ માટે હવેથી વન અને પર્યાવરણ વિભાગની સ્થળી ક્ષેત્રીય કચેરીઓ દ્વારા તેમની દરખાસ્ત વહીવટી અને તાંત્રિક મંજુરી આપવા માટેની જરૂરી વિગતો સાથે સંબંધિત જળસંપત્તિ વિભાગના નોડલ અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે. નોડલ અધિકારીશ્રીઓએ આ દરખાસ્તો વહીવટી સંચાલકશ્રી, ગુ.જ.સં.વિ.નિ.લી., ગાંધીનગરને મોકલી આપવાની રહેશે. આવશ્યક મંજુરીઓની પ્રક્રિયા ગુ.જ.સં.વિ.નિ.લી દ્વારા કરવામાં આવશે અને તેમના જ ઇજનેરી કર્મચારીઓ દ્વારા વન અને પર્યાવરણ વિભાગના ચેકડેમોનું સુપરવીઝન કરવાનું રહેશે. વધુમાં, આવા ચેકડેમોનું ચુકવણું પણ ગુ.જ.સં.વિ.નિ.લી દ્વારા કરવાનું રહેશે - તે પ્રકારે આયોજન કરવામાં આવેલ છે.

નોડલ અધિકારીશ્રીઓએ ઉપરોક્ત જણાવ્યા મુજબની દરખાસ્તની નકલ જાણ સારૂ મુખ્ય વન સંરક્ષકશ્રી (બજેટ) ને તથા સંબંધિત મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીને પણ મોકલવાની રહેશે.

જે.કે.ત્રિવેદી
ઉપસચિવ(જળસંચય)

બિડાણ: વન વિભાગના ક્ષેત્રીય અધિકારીશ્રીઓની ફોન નંબરની યાદી

નકલ સાદર રવાના :

મુ.ઇ.શ્રી (ઉ.ગુ.) અને અ.સ.શ્રી, સચિવાલય
મુ.ઇ.શ્રી (મ..ગુ.) અને અ.સ.શ્રી, સચિવાલય
મુ.ઇ.શ્રી (પં.) અને અ.સ.શ્રી, સચિવાલય
મુ.ઇ.શ્રી (સૌ) અને અ.સ.શ્રી, સચિવાલય
મુ.ઇ.શ્રી (દ.ગુ.) અને અ.સ.શ્રી, સચિવાલય
મુ.ઇ.શ્રી (ગુ.નિ.) અને અ.સ.શ્રી, સચિવાલય
મુખ્ય વન સંરક્ષકશ્રી (બજેટ)- બલોક નં.૧૪ , જુના સચિવાલય, ગાંધીનગર (ચેકડેમની કામગીરી માટે જ.સં.વિભાગ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નોડલ અધિકારશ્રીઓની માહિતિના પત્રક સાથે)

જ.જે.|મી.૬|સ.પ.સ.જ.યો.|ચેકડેમ|૩૨૬|સને.૨૦૦૫